Letter No: SJED/0217/04/2024 Dt: 24-04-2024

નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ હસ્તકના તમામ નિગમોની તમામ પ્રકારની ધિરાણ યોજનાઓના લાભાર્થીઓની અરજીઓ અંગે નિર્ણય લેવા બાબત

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2024/0021/A-1 Section

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૩/૦૨/૨૦૦૪ ના ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૨/૨૫૯૭/ચ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૨/૧૨/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ સશપ /૧૦૨૦૦૭/૫૦/અ.૧

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૩/૦૧/૨૦૨૪ ના પત્રક્રમાંક : SJED/MSM/e-file/17/2024/0021/A-1 Section

(૪) મેનેર્જીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમનો તા.૨૩/૦૧/૨૦૨૪નો પત્રક્રમાંક:ગુજઅસંનાવિનિ/૨૦૨૨-૨૩/૨૪૩

**આમુખ:-**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તકના તમામ નિગમો દ્વારા વિભિન્ન લક્ષિત સમુદાયોના લાભાર્થીઓને સ્વરોજગાર માટે ધિરાણ યોજના દ્વારા સહાય આપવામાં આવે છે. વંચાણે લીધા ક્રમાંક-(૧) પરના તા.૨૩/૦૨/૨૦૦૪ના ઠરાવથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના વિકસતિ જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના નિગમોની સીધા ધિરાણની યોજના હેઠળના લાભાર્થીઓની પસંદગી માટેની સમિતિની રચના તથા તેની કાર્યપધ્ધતિ નિયત કરવામાં આવેલ હતી. જેમાં વંચાણે લીધા ક્રમાંક-(૨) પરના તા.૦૨/૧૨/૨૦૧૪ના ઠરાવથી સુધારો કરવામાં આવેલ હતો. વંચાણે લીધા ક્રમાંક-(૩)ના તા.૦૩/૦૧/૨૦૨૪ના પત્ર દ્વારા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળના તમામ બોર્ડ/નિગમ અમલિત સીધા ધિરાણ યોજના અંતર્ગત નિગમને મળેલ તમામ અરજીઓ પૈકી મંજૂર કરવા પાત્ર અને નામંજૂર કરવાપાત્ર અરજીઓ અંગેનો નિર્ણય નિગમના મેનેજિંગ ડિરેક્ટર કક્ષાએથી લેવા માટે સુચના આપવામાં આવેલ હતી. જેના અનુસંધાને વંચાણે લીધા ક્રમાંક-(૪)ના તા.૨૩/૦૧/૨૦૨૪ના પત્રથી નિગમના મેનેજિંગ ડિરેક્ટરને મળેલ સીધા ધિરાણ યોજનાની અરજીઓની મંજૂર અને નામંજૂર કરવાની સત્તા અન્ય તમામ ધિરાણ યોજનાઓને લાગુ પડે છે કે તે અંગે સ્પષ્ટતા કરવા વિનંતી કરવામાં આવેલ હતી. જે બાબત ધ્યાને લઈ વિકસતિ જાતિ કલ્યાણ હસ્તકના નિગમોને મળેલ તમામ પ્રકારના ધિરાણની અરજીઓ પરત્વે નિર્ણય કરવાની સત્તા જે તે નિગમના મેનેજિંગ ડિરેક્ટરને આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાના અંતે, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના વિકસતિ જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના તમામ નિગમો દ્વારા અમલમાં હોય તેવી તમામ પ્રકારની ધિરાણ યોજના અંતર્ગત જે તે નિગમને મળેલ તમામ અરજીઓ નિયમાનુસાર મંજૂર કરવા કે નામંજૂર કરવા અંગેનો નિર્ણય જે તે નિગમના મેનેજિંગ ડિરેક્ટર કક્ષાએથી જ લેવાનો રહેશે તે મુજબ આથી ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૦૩/૦૪/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કલ્પના રાણા) eSign

Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 25-Apr-2024 (12:06 PM)

ઉપસચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ગુજરાત સરકાર

File No: SJED/MSM/e-file/17/2024/0021/A-1 Section
Approved By: Additional Chief Secretary,SJED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

Letter No: SJED/0217/04/2024 Dt: 24-04-2024

પ્રતિ,

નિયામકશ્રી,

વિકસતી જાતિ કલ્યાણની કચેરી,

ડો. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સા.ન્યા અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર
- મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ
- મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ
- મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ
- મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ
- મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુકત જાતિ વિકાસ નિગમ
- મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ.

eSign

Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 25-Apr-2024 (12:06 PM)

File No: SJED/MSM/e-file/17/2024/0021/A-1 Section
Approved By: Additional Chief Secretary,SJED

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*